સુરત સગરામપુરાના દંપતિ સાથે ઘુંટણની સારવારના બહાને વડોદરાના તબીબ સહિત બે ઠગ કળા કરી ગયા

સુરત, તા.૧૬

સગરામપુરા થોભા શેરીમાં રહેતા આધેડની પત્નીના ઘુંટણની સારવાર કરવાના બહાને વડોદરાના ડો.રોશન જરીવાલા સહિત બે જણા ૧.૭૨ લાખ પડાવી છેતરપિંડી કરી નાસી ગયા હોવા અંગેની ફરિયાદ અઠવાલાઈન્સ પોલીસ મથકમાં નોંધાઈ છે.

સગરામપુરા, થોભા શેરી, વૃદાવન પાર્કમાં ફ્લેટ નં-૨૦૧માં રહેતા ૬૭ વર્ષીય આદીલ એરચશા લાકડાવાલાએ મયંક રમેશ મહેતા, ડો.રોશન જરીવાલા (રહે, એશ્લીટીક રેસી, ગોત્રી શિવમ પાર્ટી પ્લોટ, લક્ષ્મીપુરા, વડોદરા તથા કલ્પતરૂ હીલ્સ સોસાયટી, ટેકુજીની વાડી, મુંબઈ) સામે પોલીસ ફરિયાદ નોધાવી હતી. ભાગાતળાવ ખાતે સુરત પીપલ્સ બેન્કમાંથી ૨૦૧૬માં રિટાયર્ડ થયેલા આદીલ લાકડાવાલા પત્ની યાસ્મીનબેન સાથે ૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેમના મિત્રો સાથે પવિત્રધર્મસ્થાન ઉદવાડા ખાતે ગયા હતા. તે વખતે ચીખલી ખાતે જલારામ ખમણ હાઉસમાં નાસ્તો કરવા માટે રોકાયા હતા. આદીલની પત્ની યાસ્મીનબેનને ઘુંટણમાં દુઃખાવો હોવાથી ડ્રાઈવરને પકડીને ચાલતા હતા. ત્યારે તેમની પાસે એક અજાણ્યો આવી પોતાની ઓળખ મયંક રમેશ મહેતા તરીકે આપી પોતાના પિતાને પણ ઘુંટણમાં દુઃખાવો હોવાથી સરખુ ચાલી શકતા ન હતા જેથી દર્શન કરી સાંજે પરત સુરત આવી ગયા હતા.

ત્યારબાદ ડો, રોશન જરીવાલાને ફોન કરતા તેણે બે દિવસ પછી સુરત આવવાના છે અને વિઝીટ ચાર્જ એક હજાર લઉ છું. પણ તમે સીનીયર સીટીઝન હોવાથી તમારી પાસેથી ૫૦૦ લઈશ કહી ૬ ડિસેમ્બરના

નિવૃત બેંકકર્મી આદીલ લાકડાવાલાની પત્નીના ઘુંટણની સારવાર કરવા ડો.રોશન જરીવાલા સુરત આવી ૧.૭૩ લાખ ફીના નામે લઈ ગયો

તેમની સારવાર ડો. રોશન જરીવાલા (રહે, એશ્લીટીક રેસી, ગોત્રી શિવમ પાર્ટી પ્લોટ, લક્ષ્મીપુરા, વડોદરા તથા કલ્પતરૂ હીલ્સ સોસાયટી, ટેકુજીની વાડી, મુંબઈ) પાસે કરાવતા પિતા ચાલતા થઈ ગયા હતા. તેમ કહીને તમે પણ તેમની પાસે સારવાર કરાવશો તો તમારા પત્ની પણ ચાલતા થઈ જશે તેમ કહીને તેનો અને ડો. રોશનનો મોબાઈલ નંબર આપ્યો હતો. આદીલ અને તેમના પત્ની યાસ્મીબેન ઉદવાડા રોજ આદીલ લાકડાવાલાના ઘરે ડો.રોશન જરીવાલા આવ્યો હતો અને તેમની પત્ની યાસ્મીબેનને તપાસ કરી બેગમાંથી ભુંગળી જેવુ સાધન કાઢી યાસ્મીબેનના ઢીંચણ ઉપર ભુંગળી મુકી કંઈ ખેચવા લાગી તેમાંથી પીળાશ પડતું પ્રવાહીના કેટલાક ટીપા એક કાગળમાં કાઢી અને ઢીંચણમાંથી કાઢેલ ટીંપા ગણતા ૪૩ ટીપા હોય એક ટીપાંના ચાર હજાર લેખે૧.૭૨ લાખ લઈ લીધા હતા. ડો. રોશન જરીવાલાએ રૂપિયા લીધા બપાદ વીઝીટીંગ કાર્ડ આપી નાસી ગયો હતો. જોકે યાસ્મીનબેનને અને તેના પતિને છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થતા આદીલ લાકડાવાલાએ અઠવાલાઈન્સ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

સુરતના અલથાણ,ભિમરાડમાં પાણીની લાઈનમાં ડ્રેનેજનું ગંદુ પાણી ભળી જતા રોગચાળોનો ખતરો

સુરત, તા.૧૬

સુરત શહેરના અલથાણ અને ભિમરાડ વિસ્તારમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગંદુ પાણી આવતું હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. પીવાના પાણીની લાઈનમાં ડ્રેનેજનું પાણી ભળી જતું હોવાને કારણે પાણી દુર્ગંધ મારતું આવતું હોવાની ચર્ચા ઉઠવા પામી છે.

જીવાતો તરતી હોવા ઉપરાંત દુર્ગંધ મારતું પાણી આવતુ હોવાની લોકોની ફરિયાદ

ઉનાળો શરૂ થતાની સાથે જ શહેરમાં ઓછા પ્રેશરથી તેમજ ગંદુ પાણી આવતું હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. જયારે ઉનાળા દરમિયાન મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા રીપેરીગની કામગીરી હાથ ધરવામાં આવી રહી હોય લોકોએ પાણી કાપનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરના ભિમરાડ અને અલથાણ વિસ્તારમાં જીઈબી દ્વારા ખોદકામ કરવામાં આવ્યું હતું. દરમિયાન સુરત મનપાની ત્રણ પાઈપ લાઇનમાં ભંગાણ પડતા પીવાના પાણીની લાઇનમાં ડ્રેનેજનું પાણી ભળી જતા છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભિમરાડ અને અલથાણ વિસ્તારમાં ગંદુ પાણી આવતું હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. આ સાથે જીવાતો પાણીમાં તરતી જોવા મળી રહી હોવાની ફરીયાદ રહીશો દ્વારા કરવામાં આવી રહી છે.

ગઈકાલે મનપા ખાતે મળેલી પાણી સમિતિની બેઠકમાં અધ્યક્ષ હિમાંશુ રાઉલજીએ તાકીદે ગંદા પાણીના પ્રશ્નનો ઉકેલ લાવવાની સુચના આપી હતી. આ સાથે શહેરના કોઈ પણ વિસ્તારમાંથી પાણીની લાઈટ તુટી જવાની ફરીયાદ મળે તો તાકીદે તેનો નિકાલ કરવા પણ જણાવવામાં આવ્યું હતું. જેને પગલે પ્રશ્નનો ઉકેલ લાવવા માટે ઝોન અને હાઈડ્રોલિક વિભાગના અધિકારીઓ દોડતા થઈ ગયા છે.

કતારગામમાં યુવતી સાથે ફોટા વાયરલ કરવાની ધમકી પરિચિતે દુષ્કર્મ આચર્યું

સુરત, તા.૧૬

કતારગામ વિસ્તારમાં રહેતી યુવતીને ફોટા વાયરલ કરવાની ધમકી આપી તેના પરિચિત મિત્રએ બળાત્કાર કર્યો હોવાની ફરિયાદ કતારગામ પોલીસમાં નોધાઈ છે.

કતારગામ વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે ગોપીનાથ સોસાયટીમાં રહેતો રવિ કાંતિભાઈ કાકલોતર

રવિ કાકલોતરે યુવતી સાથે મિત્રતા કેળવી લગ્નની લાલચ આપી ફોટા મંગાવી પાછળથી વાયરલ કરવાની ધમકી આપી

સામે કતારગામ પોલીસ મથકમાં યુવતીએ બળાત્કારની પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિ તેની સાથે મિત્રતા કર્યા બાદ અવારનવાર તેમની સાથે વાતચીત કરતો હતો. બાદમાં રવિ લગ્ન કરવાની લાલચ આપી તેના ફોટા પણ પોતાની પાસે મંગાવી લીધા હતા. ત્યારબાદ આ ફોટા લોકોને બતાવી દેવાની ધમકી આપી બે વાર મળવા માટે બોલાવી બળજબરીથી શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. ભોગ બનનાર યુવતી આ બાબતે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રવિ કાકલોતર સામે બળાત્કારનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

સુરતમાં મચ્છરોના ઉપદ્રવને ડામવા ૭૬ લાખ ચો.મી.વિસ્તારમાં ડ્રોનથી દવાનો છંટકાવ કરાયો

સુરત, તા.૧૬

સુરત શહેરમાં મચ્છરનો ત્રાસ વધી જતા સુરત મનપા દ્વારા મચ્છરોની ઉત્પત્તિને શોધી કાઢવા તેમજ જ્યાં માનવબળ પહોચી શકે તેમ નહોય ત્યાં ડ્રોનના માધ્યમથી દવા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. છેલ્લા ૧૫ દિવસ દરમિયાન મનપા દ્વારા ૭૬ મચ્છરનાં ઉત્પતિ સ્થાનો શોધી તેની ઈમેજ ક્લાઉડ-બેઝ પ્લેટફોર્મ પર મોકલે છે અને તેના આધારે ગ્રાઉન્ડ ટીમો જે તે સ્થળે પહોંચી મચ્છરોનાં ઉત્પત્તિ સ્થાનો નાબુદ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ ઝોનમાં ૧લી

૧૫ દિવસમાં મનપાએ ખાડી, ખેતરો, ખુલ્લા પ્લોટ નહેર સહિતના વિસ્તારોમાં દવાનો છંટકાવ કરી મચ્છરોની ઉત્પત્તિ અટકાવી

લાખ ચોરસ મીટર જગ્યા પર ડ્રોનના માધ્યમથી દવાનો છંટકાવ કરી મચ્છરનો નાશ કરવામાં આવ્યો છે.

સુરત મહાનગરપાલિકાનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા મચ્છરો તેમજ મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ ઝોનમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. તમામ ઝોનમાં આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ(AI), મશીન લર્નિંગ(ML)નાં સોફ્ટવેર આધારીત પ્રોગામ મુજબ એપ્રિલથી ૧૪ એપ્રિલ દરમિયાન ખાડી, ખેતર, ખુલ્લા પ્લોટો, નહેર વિસ્તારોમાં અંદાજીત ૯૧ કલાકના સમયગાળા દરમિયાન ૭૪.૭૫ કી.લો બેકટીસાઇડ પાવડર અને ૫.૦૦ લીટર બેકટીસાઇડ તથા ૨.૨૩૫ ml અબેટ પોરાનાશક દવાનો ઉપયોગ કરી અંદાજીત ૭૬,૧૭,૧૭૪ ચો.મીટર વિસ્તારમાં માનવબળ પહોચી ન શકે તેવા સ્થળોએ ડ્રોન દ્વારા જંતુનાશક દવાના છંટકાવ કરી મચ્છરનો નાશ કરવામાં આવ્યો હતો.

આંખની સારવારનો ક્લેઇમ નકારનાર વીમા કંપનીને વ્યાજ સાથે વળતર ચૂકવવા આદેશ

સુરતઃ સૈયદપુરા કમલેશ્વર એપાર્ટમેન્ટમાં ફરિયાદી દારા કે. પુનિવાલાએ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ પાસેથી 15 માર્ચ 2020થી 14 માર્ચ 2021 સુધીના સમય માટે પોતાના અને પરિવાર માટે 2.25 લાખનો મેડીકલેઈમ લીધો હતો. દરમિયાન ફરિયાદીને ડાબી આંખમાં સ્પષ્ટ દેખાતું ન હતું. જેથી 9 જુલાઈ 2020માં ફરિયાદીએ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. સારવાર બાદ ફરિયાદીએ કુલ 77,594 રૂપિયાના ખર્ચ માટે અલગ-અલગ 3 કલેઈમ વીમા કંપની સમક્ષ મૂક્યા હતા. પરંતુ વીમા કંપનીએ કલેઈમ નામંજૂર કરી દીધા હતા. જેથી ફરિયાદીએ વકીલ વૈભવી પટેલ મારફતે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ ફરિયાદ કોર્ટમાં ચાલી જતા કોર્ટે ફરિયાદ અંશતઃ મંજૂર કરી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડને 53,738 રૂપિયા અરજી કર્યાની તારીખથી 7% વ્યાજ સાથે ફરિયાદીને ચૂકવી આપવા હુકમ કર્યો હતો. તેમજ ફરિયાદીને માનસિક ત્રાસના 3000 અને ફરિયાદ ખર્ચના 2000 અલગથી ચૂકવવા હુકમ કર્યો હતો.

SURAT MUNICIPAL CORPORATION
TRAFFIC- BRTS PROJECT CELL
e-Tender (Online) invitation Notice No.ACE / Traffic BRTS Pro. Cell/01/2025-26

FIT INDIA

Tenders is invited for various Dept. works online on **https://smctender.nprocure.com** from Government Approved / Experienced Contractor with following Schedule.

1.	Name of the Department:	Traffic BRTS Project Cell
2.	Nos.of works	01 (ONE)
3.	Total Estimated Cost of Tender	Rs.69,68,108.96Ps.

The detail tender notice will be made available on website **www.suratmunicipal.gov.in**

No. PRO/ 38/2025-26 **Add.City Engineer**
Date: 16/04/2025 **Surat Municipal Corporation**

HDFC BANK **HDFC Bank Ltd.**
કબજા નોટિસ
૨૦૧-૨૦૪, રીદ્ધી શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેરની સામે, અડાજણ-હજીરા રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯. ફોન: ૦૨૬૧-૪૪૪૧૨૧૨

આથી એચડીએફસી બેંક લીમીટેડ (અગાઉ એચડીએફસી લીમીટેડ જેનું તા.૧૭મી માર્ચ ૨૦૨૩ના રોજ માનનીય NCLT- મુંબઈ દ્વારા મંજૂર કરાયેલ એકીકરણ યોજના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથેના જોડાણ થયા મુજબ) (એચડીએફસી) ના અધિકૃત અધિકારી હોવાથી સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સીક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (જે કાયદો)ના અને કલમ ૧૩ (૧૨)ના નિયમ ૩ અન્વયે મળેલી સત્તાની રૂએ તથા કલમ ૧૩(૨) હેઠળ કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓ લોનની બાકી પડતી લેણી જે નીચે મુજબ તેઓના નામ સામે જણાવેલ છે તે સહીત પુરેપુરી લોનની ભરપાઈ કરવા ૬૦ દિવસની ડીમાન્ડ નોટીસ પાઠવી હતી. તદઉપરાંત લોનની ચૂકવણી/વસુલાતની તારીખ સુધી લાગુ પડતુ ભવિષ્યનું વ્યાજ,ઈન્સીડેન્શીયલ એકસ્પેન્સ, ખર્ચ/ચાર્જીસ વગેરે સહિતની રકમ ભરપાઈ કરવાની રહેશે.

ક્રમ નં.	કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓના નામ	તારીખના રોજ ચુકવવાના બાકી લેણા રૂા.	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ/ પ્રત્યક્ષ/સાંકેતિક	સ્થાવર મિલકત/તો સીક્યોર્ડ એસેટસ્ નું વર્ણન.
૧.	શ્રી પટેલ રાજેન્દ્રભાઈ (કરજદાર), શ્રીમતી પટેલ જયોતિબેન (સહ-કરજદાર) ૧૮૩૮૩૫-૬૫૪૧૨૮૫૫૩, ૬૫૫૦૦૯૯૩૭	રૂા.૪૨,૦૭,૧૩૨/- , રૂા.૨,૨૮,૮૮૩/- ૩૦-સપ્ટે.-૨૦૨૪ ના રોજ	૦૬-નવેમ્બર-૨૦૨૪	પ્રત્યક્ષ કબજો ૧૩/૦૪/૨૦૨૫	રો-હાઉસ-૬૩, ગોકુલધામ બંગલો, સર્વે નં. ૮/૨, ૪૯, બ્લોક નં. ૭, ૫૮, સ્વપ્ન સૃષ્ટિ રો હાઉસ પાછળ, શ્રી રેસીડેન્સી પાંછળ, કરડવા ડિંડોલી, ડિંડોલી, સુરત-૩૯૪૨૧૦.
૨.	શ્રી શુકલા ધીરેન્દ્રકુમાર (કરજદાર), શ્રીમતી પાંડે આભા (સહ-કરજદાર) ૧૮૨૫૯૦-૬૩૧૭૦૨૧૭૬૬, ૬૩૧૭૦૨૦૭૩	રૂા.૧૧,૨૯,૫૪૩/- , રૂા.૩,૧૩,૦૩૭/- ૩૧-ઓગષ્ટ.-૨૦૨૪ ના રોજ	૨૦-સપ્ટે.-૨૦૨૪	પ્રત્યક્ષ કબજો ૧૩/૦૪/૨૦૨૫	ફ્લેટ-ડી-૧૦૪, પહેલો માળ, નક્ષત્ર ટાઉનશીપ, ટાઈપ-ડી, સર્વે નં. ૧૪૩/૧, ૨,૩, બ્લોક-૨૪૩, સીટી વોક એન સંતોક રેસીડેન્સી સામે, બજરંગ રો હાઉસ પાછળ, આરાધના સોસાયટી નજીક, ડિંડોલી, સુરત-૩૯૪૨૧૦.
૩.	શ્રી સોનાવણે સુનીલ પાવભા (કરજદાર), શ્રીમતી સોનવણે અનિતા (સહ-કરજદાર) ૧૮૦૪૫૯ - ૬૬૨૪૯૬૪૫૧, ૬૬૩૩૫૬૮૯૧	રૂા.૧૪,૫૨,૬૭૩/-, રૂા.૧,૨૬,૩૦૪/- ૩૧-ઓક્ટો.-૨૦૨૪ ના રોજ	૨૨-નવેમ્બર-૨૦૨૪	પ્રત્યક્ષ કબજો ૧૬/૦૪/૨૦૨૫	રો હાઉસ-૪૩, અષ્ટ વિનાયક રેસીડેન્સી, બ્લોક- ૨૪/એ/૨/૧, ઓમ રેસીડેન્સીની બાજુમાં, ટેન-બાબેન રોડ, બાબેન, બારડોલી, સુરત-૩૯૪૬૦૧.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને આ સાથે નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એકટની કલમ ૧૩(૪) ને સદરહુ નિયમોના નિયમ ૮ અન્વયે એચડીએફસી ના અધિકૃત અધિકારીને મળેલી સત્તાની રૂએ અહીં અત્રે ઉપર જણાવેલી મિલકતનો સાંકેતિક / પ્રત્યક્ષ કબજો લીધો છે.

આથી કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે તેમણે સદરહુ સ્થાવર મિલકત / સલામત મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહી અને કોઈપણ વ્યવહાર એચડીએફસી ના બાકી પડતા લેણાં અને તેના પરના ભવિષ્યના વ્યાજ રકમની વસુલાતને પાત્ર રહેશે.

અહી કરજદાર/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ નું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ પંચનામાની કોપી અને સામગ્રીઓની યાદી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી પાસે ઓફિસના કામકાજના દિવસો અને કામકાજના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી.

તારીખ: ૧૩/૦૪/૨૦૨૫ અને ૧૬/૦૪/૨૦૨૫ **એચડીએફસી બેંક લીમીટેડ વતી,**
સ્થળ: સુરત. **અધિકૃત અધિકારી.**

Regd. Office: HDFC Bank House, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai – 400013.

પરીશિષ્ટ ૪ [રૂલ ૮(૧)]
કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)
એડેલવેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ
રીટેલ સેન્ટ્રલ એન્ડ રજિસ્ટર્ડ ઓફિસ : એડેલ વેઈસ હાઉસ,સીએસટી રોડના નાકે,કાલિના,મુંબઈ - ૪૦૦૦૯૮

આથી મૂળ ધિરાણકારોએ તેમની આર્થિક જવાબદારીઓ **એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**ને સોંપી હતી.જે જુદા જુદા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે. (હવે પછી એનો **'ઈએઆરસી'** તરીકે ઉલ્લેખ કરવામાં આવશે). તેમણે સરફાયેસી એકટ,૨૦૦૨ ના ખંડ ૫ મુજબ કરવામાં આવેલા એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટ અનુસાર ઈએઆરસીએ આર્થિક જવાબદારી સંભાળી લેતા એસાઈનરે તમામ અધિકારો, ટાઈટલ, વ્યાજ, ગીરો મુકવામાં આવેલી મિલકત, જામીનગીરીઓ તથા બાયંધરીઓ **ઈએઆરસી**ને તબદીલ કરી હતી અને ઈએઆરસીએ દેવાદાર તરફથી સલામત ધિરાણ આપનાર તરીકેના અધિકારોનો ઉપયોગ કર્યો હતો. **ઇએઆરસી**ના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી,ઈન્ટરેસ્ટ (એકટ),૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ અંતર્ગત આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદાર ને ડીમાન્ડ નોટીસ પાઠવી તેમાં જણાવેલી બાકી લેણી રકમનું ચુકવણું કથિત નોટીસની તારીખથી ૬૦ દિવસમાં કરી દેવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો લેણી રકમનું ચુકવણું કરવામાં નિષ્ફળ ગયા હોઈ તેમને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર **એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**ના અધિકૃત અધિકારીએ કથિત એકટની પેટા ખંડ (૪) ખંડ ૧૩ ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨,ના રૂલ ૮ મુજબ નીચે જણાવેલી તારીખે સ્થાવર મિલકતનો **વાસ્તવિક કબજો** લીધો છે.

આથી દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે કે તેમની પાસે ગીરો મિલકતને છોડાવવા એકટના ખંડ ૧૩ના પેટા ખંડ(૮) હેઠળની જોગવાઈ મુજબનો સમય છે.

દેવાદાર(રો)ને ખાસ તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે આ મિલકત ઉપર એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડનો તાબો હોઈ એનો કોઈ પણ પ્રકારે સોદો થઈ શકશે નહીં કેમકે આ મિલકત સામે એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડનું નીચે જણાવેલ રકમનું અને ત્યાર બાદના વ્યાજનું લેણું નીકળે છે.

એસાઈનરનું નામ	ટ્રસ્ટનું નામ	લોનખાતા નં.	દેવાદાર અને સહદેવાદાર(રો)ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ	કબજાનો પ્રકાર
પીરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ	EARC Trust SC-477	4100005269	**૧. શ્રી ગોવિંદા નંદુલાલ બાટીસા (દેવાદાર) ૨. શ્રી પંકજ નંદુલાલ બાટીસા અને ૩. શ્રી નંદુ ચુડામણ પાટીલ (સહ દેવાદારો)**	Rs.14,74,255/- as of date 13-(2-2020 & 19-02-2020	12-04-2025	વાસ્તવિક કબજો

સ્થાવર મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત પ્લોટ નં.૧૦૪,ઘનશ્યામ રેસીડેન્સી-૨,સરદાર ઈન્ડ. એસ્ટેટની પાછળ, મોજે જોલવા, તા.પલસાણા, જિ.સુરત , ગુજરાત ૩૯૪૩૧૫

પીરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ	EARC Trust SC-477	1800007354	**૧. શ્રી સુરેશસિંહ રતનસિંહ જાદવ (દેવાદાર) ૨. શ્રી રતનસિંહ ગુલસિંહ જાદવ અને ૩. શ્રી મુકેશસિંહ રતનસિંહ જાદવ (સહ દેવાદારો)**	Rs.1[,08,288/- as of date 22-11-2018 & 26-11-2018	12-04-2025	વાસ્તવિક કબજો

સ્થાવર મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત પ્લોટ નં.૧૧૩ ,સંસ્કારધામ રેસીડેન્સી ,મોજે કોસમાડી ,તા. અંકલેશ્વર ,જિ.ભરૂચ ,ગુજરાત ૩૯૩૦૦૧

પૂનાવાલા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ	EARC Trust SC-492	HM/0190/H/ 18/100120	**૧. શ્રીમતી શુભાંગી પ્રવિણ ચકને (દેવાદાર) ૨. શ્રી ચકને પ્રવિણ (સહ દેવાદાર)**	Rs.15,[1,175.71/- as of date 26-06-2024 & 26-06-2024	13-04-2025	વાસ્તવિક કબજો

સ્થાવર મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકત ફ્લેટ નં.૪૦૨,ચોથા માળે, ક્ષેત્રફળ ૩૩.૨૬ ચો.મી. અથવા ૩૫૮.૦૧ ચો.ફૂટ બિલ્ટઅપ એરિયા અને પલ્ટ ચો.ફૂટ સુપર બિલ્ટઅપ એરિયાની સાથે ૧૭.૦૨ ચો.મી. નક્ષત્ર ટાઉનશીપ બિલ્ડીંગ નં.જે ની અવિભાજિત જમીનનો ભાગ રે.સ.નં.૧૪૩/૧,૧૪૩/૨,૧૪૩/૩ ,બ્લોક નં.૨૪૩ ,૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે ૦-૬૬-૭૮ ચો.મી.,ટીપી સ્કીમ નં.૬૨(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ),ફા.પ્લોટ નં.૪૮,ક્ષેત્રફળ ૪૩૪૧ ચો.મી. મોજે ડીંડોલી, તા.ઉધના ,જિ.સુરત **ચતુઃસીમાઃ** પૂર્વેઃ લાગુ બ્લોક નં.૨૪૪ ,પશ્ચિમે : લાગુ બ્લોક નં.૨૪૨ અને ૨૫૪ ,ઉત્તરે : લાગુ બ્લોક નં.૨૫૨ અને ૨૫૪ , દક્ષિણે : લાગુ બ્લોક નં.૨૪૧

તારીખઃ ૧૭.૦૪.૨૦૨૫ **અધિકૃત અધિકારી**
સ્થળ : ગુજરાત **એડેલવેઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**

Edelweiss Asset Reconstruction

Public Notice Regarding Mistake in Name/Surname

Therefore, we would like to inform the public/government that our client in the name of **ASHOK DAGDU JAGTAP,** residing at Plot No. 467, Sai Darshan Society, Near Rami Park Society, Dindoli, Udhna, Surat-394210, whose real name is **ASHOK DAGDU JAGTAP.** In the past, in the 10th standard, the school had mistakenly written **JAGATAP ASHOK DAGADU,** in which there was a mistake in the spelling of the surname and father's name in the full name. The real name is **ASHOK DAGDU JAGTAP.** Government, Semi-Government, Bank, Insurance department, Railway department, have given this paper notice to publish. If any person, organization, government, semi-government department has any kind of objection, they should be present in person during office hours with evidence within 15 days and register/give objection. Otherwise, any objection or protest raised after the expiry of the notice period will not be entertained. The public/government and all concerned should take note of this.

By my instructions and orders
ASHOK DAGDU JAGTAP

Sunil M. Sharma (Advocate)
OFFICE: Shop No.10, Ambika Nagar, Nr. Madanpura Vegetable Market, Sangam Band Circle, Limbayat, Surat.M0.9913643909

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક - પ્રાદેશિક કાર્યાલય, સુરત
કબજા નોટિસ - {નિયમ ૮ (૧)} - સ્થાવર મિલકત માટે

આથી બરોડા ગુજરાત ગ્રામીણ બેંક ના અધિકૃત અધિકારી તરીકે નીચે હસ્તાક્ષર કરનાર, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (બીજો) સામાન્ય એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ઓર્ડર નં. ૩) હેઠળ અને કલમ ૧૩(૨) હેઠળ પુષ્ટિ થયેલ સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે ડિમાન્ડ નોટિસ તા.૩૦.૦૧.૨૦૨૫ જારી કરીને કરજદાર શ્રી મોન્ટુ દાસ ના ઓને નોટિસમાં ઉલ્લેખિત રકમ રૂા. ૧૫,૪૪,૩૫૩+વ્યાજ+ચાર્જીસ (રૂપિયા પંદર લાખ ચુમ્માલીસ હજાર ત્રણસો ત્રેપ્પન પુરા) અને તેના પર નું વ્યાજ અને ચાર્જીસ ઉપરોક્ત નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવા હાકલ કરી.

કરજદાર/મોર્ટગેજર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે. આથી કરજદાર/મોર્ટગેજર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે હસ્તાક્ષરકર્તાએ નિયમ સાથે વાંચેલા આ વટહુકમ કાયદાની કલમ ૧૩(૪) સાથે રૂલ્સમાં સામાન્ય કાયદો વાંચતા રૂલ ૮(૧) હેઠળ તેને/તેણીને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો તા. ૧૫.૦૪.૨૦૨૫ ના રોજ મેળવ્યો છે.

કરજદાર/મોર્ટગેજર ને વિશેષ રૂપથી અને જાહેર જનતાને આથી સદર મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે અને સદર મિલકતો અંગે કરેલ કોઈપણ જાતનો વ્યવહાર બરોડા ગુજરાત ગ્રામીણ બેંક - પરિયા શાખા ની નીચે બાકી લેણા રકમ રૂા.૧૫,૪૪,૩૫૩ +વ્યાજ+ચાર્જીસ (રૂપિયા પંદર લાખ ચુમ્માલીસ હજાર ત્રણસો ત્રેપ્પન પુરા) અને ચુકવણીની તારીખ સુધી વ્યાજ અને તેના ચાર્જ.

સ્થાવર મિલકતનું વર્ણન

**સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્